ક્રમાંક : એસએસએ/ટીટી/(૧૪-૧૫/શિ.તા.આ)/૧૪/ ૨૩૨૨૮-૨૮૮ તા.૨૯.૪.૧૪

પ્રતિ,
જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સર્વ શિક્ષા અભિયાન
જિલ્લો : તમામ
શાસનાધિકારીશ્રી, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.

**વિષય : વર્ષ : ૨૦૧૪-૧૫ શિક્ષક તાલીમ અંતર્ગત જૂન માસમાં યોજાનાર શિક્ષક તાલીમના આયોજન અંગે.**
**સંદર્ભ : શિક્ષક તાલીમના આયોજન અંગેની તા.૨૫.૨.૧૪ના રોજની પરામર્શન બેઠકની કાર્યવાહી નોંધ અન્વયે.**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ : ૨૦૧૪-૧૫ ના બજેટમાં સેવાકાલીન શિક્ષક તાલીમ, ૭ દિવસની બ્લોક કક્ષાની તથા ૩ દિવસની કલસ્ટર કક્ષાની તાલીમની જોગવાઈ કરવામાં આવેલ છે.

PAB મીટીંગમાં થયેલ ચર્ચા અનુસાર ઉપર મુજબ ૭ દિસની બ્લોક કક્ષાની અને ૩ દિવસની કલસ્ટર કક્ષાની બિન નિવાસી શિક્ષક તાલીમ મંજુર થનાર છે. આ માટે પ્રતિ શિક્ષક પ્રતિ દિવસ રૂ.૧૦૦/-પ્રમાણે નાણાંકીય બજેટ મળનાર છે.

ઉકત તાલીમના આયોજન માટે, દર વર્ષની પ્રણાલી મુજબ ચાલુ વર્ષે પણ એસએસએ અને જીસીઈઆરટીની તાલીમ શાખા તથા તાલીમ સાથે સંકળાયેલ અન્યની સંયુકત પરામર્શન બેઠક અત્રેની કચેરી ખાતે તા.૨૫.૨.૧૪ના રોજ યોજાયેલ હતી.

આ પરામર્શન બેઠકમાં નકકી થયા મુજબ વર્ષ : ૨૦૧૪-૧૫ની સેવાકાલીન તાલીમ જે આયોજન વિચારેલ છે. તે પૈકી ઉનાળુ વેકેશન દરમ્યાન જુન માસમાં સંભવિત ૪ થી ૭ જુન દરમ્યાન ૪ દિવસની બિન નિવાસી બ્લોક કક્ષાની તાલીમનું આયોજન કરવામાં આવનાર છે.

આ તાલીમ માટેનું તાલીમ સાહિત્ય, તાલીમના આરપી અને એમટી તથા તાલીમનું સમય પત્રક સમયગાળો અને મોનીટરીંગ અને સંકલન બેઠકમાં નકકી થયા મુજબ જીસીઈઆરટી ધ્વારા નિયત કરેલ સમયમર્યાદામાં જે તે કક્ષાએ આયોજન થનાર છે.

એસએસએ અને જીસીઈઆરટીની સંયુકત પરામર્શન બેઠકમાં જુન માસમાં યોજાનાર ચાર દિવસની બિન નિવાસી શિક્ષક તાલીમ માટે, નકકી થયેલ બાબતો પૈકી તાલીમ સાહિત્ય નિર્માણની કામગીરી હાલમાં ચાલુમાં છે. જેની હસ્તપ્રત મળેથી તેનું ડીટીપી અત્રેની કચેરી ધ્વારા કરાવીને, તે આધારે જરૂરીયાત મુજબના મોડયુલ(તાલીમ સાહિત્ય)નું પ્રિન્ટીંગ રાજયકક્ષાએથી કરીને, તાલુકા કક્ષાએ તાલીમ પૂર્વે પહોંચાડવામાં આવનાર છે. તાલીમમાં પ્રિ ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ પણ લેવામાં આવશે.

આગામી જુન માસમાં યોજાનાર ચાર દિવસની બિન નિવાસી બ્લોક કક્ષાની શિક્ષક તાલીમ માટે, નીચે મુજબનું તાલીમ આયોજન કરવામાં આવેલ છે જે અન્વયે જિલ્લાકક્ષાએથી ઘટિત કાર્યવાહી કરવાની રહેશે.

**તાલીમ મોડયુલ :**

- ૪ દિવસની બ્લોક કક્ષાની તાલમીમાં નીચે મુજબ મોડયુલ, નિયત કરેલ છે જે તાલીમ પૂર્વે તાલીમ સેન્ટર ખાતે પહોંચાડવામાં આવશે.

**(૧) ધો.૧ થી ૫ ના શિક્ષકો માટે (બિન પ્રજ્ઞા):**

- જનરલ વિષયોનું મોડયુલ : ૧
- શિક્ષક આવૃત્તિના ઉપયોગ માટેનું મેન્યુઅલ : ૧

નોંધ : ધો.૧ થી ૫ ના શિક્ષકો માટે શિક્ષક આવૃત્તિ મોડયુલ તરીકે જીસીઈઆરટી ધ્વારા આપવામાં આવશે.

**(૨) ધો.૬ થી ૮ ના શિક્ષકો માટે :**

- જનરલ વિષયોનું મોડયુલ : ૧
- ભાષા વિષયનું મોડયુલ : ૧
- ગણિત–વિજ્ઞાન વિષયનું મોડયુલ : ૧
- સામાજીક વિજ્ઞાનનું મોડયુલ : ૧

આમ, ધો.૧ થી ૫ અને ધો.૬ થી ૮ ના પ્રત્યેક શિક્ષકને ૨ મોડયુલ મળશે. ઉપરાંત ધો ૧ થી ૫ ના શિક્ષકોને જીસીઈઆરટી તરફથી શિક્ષક આવૃત્તિ મળશે.

ઉકત ક્રમ–(૧) અને (૨)ના મોડયુલ રાજય કક્ષાએથી તાલુકા કક્ષાએ મળેથી તાત્કાલિક નિયત તાલીમ સેન્ટર ખાતે સીઆરસી કો.ઓર્ડિનેટર ધ્વારા પહોંચાડવા જણાવવામાં આવે છે.

તાલીમ મોડયુલની વહેંચણી જિલ્લા/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષકો, આશ્રમશાળા, ગ્રાન્ટેડ શાળા, કેજીબીવીના શિક્ષકોને શિક્ષકદીઠ આપવા તથા નોન ગ્રાન્ટેડ શાળાને શાળાદીઠ ૧ સેટ આપવો.

**(બ) પ્રજ્ઞા શિક્ષક તાલીમ :**

પ્રજ્ઞા શાળાના શિક્ષકો માટે બ્લોક કક્ષાની બિન નિવાસી તાલીમનું આયોજન નીચે મુજબ કરેલ છે.

**(૧) તા.૩ થી ૭ જુન (૫ દિવસ)**

ફેઝ–૧ થી ૪ ના તમામ પ્રજ્ઞા શાળાના શિક્ષકો(જુની પ્રજ્ઞા શાળાઓ માટે)

**(૨) તાલીમ મોડયુલ, તાલીમના વિષયવસ્તુ અને સમયપત્રક તજજ્ઞોની વિગત**

પ્રજ્ઞા શિક્ષકો માટેની તાલીમનું વિષયવસ્તુ, મોડયુલ, અને તેનું સમયપત્રક અલગથી રાજયકક્ષાએથી મોકલી આપવામાં આવશે.

**(૩) તા.૧૬ થી ૨૦ જુન દરમ્યાન શિક્ષક તાલીમ :**

ફેઝ–૫ ના તમામ નવા ધો.૧ અને ૨ ના પ્રજ્ઞા શિક્ષકો(નવી પ્રજ્ઞા શાળાઓ)ફેઝ–૪ ની શાળાઓના ધો.૩ અને ૪ ના શિક્ષકો અને ફેઝ–૫ ના ધો.૫ ના નવા પ્રજ્ઞા શિક્ષકોની તાલીમ તા.૧૬ થી ૨૦ જુન દરમ્યાન ૫ દિવસની ગોઠવવામાં આવશે.

**(ક) તાલીમના વિષયો/વિષયવસ્તુ :**

- ધો.૧ થી ૮ ના શિક્ષકો માટે ભાગ–૧ની અભિપ્રાયાવલીના ૧ થી ૧૬ વિધાન આધારે અગ્રતાક્રમના સમાવિષ્ટ વિષયોની તાલીમ આપવામાં આવશે.
- ધો.૧ થી ૫ ના(બિન પ્રજ્ઞા)શિક્ષકોને(ભાગ–૧)તેઓએ ભરેલ તાલીમ અભિપ્રાયાવલી આધારે અગ્રતાક્રમના સમાવિષ્ટ વિષયવસ્તુની તાલીમ આપવામાં આવશે.
- ધો.૬ થી ૮ ના ભાષાના શિક્ષકો માટે(ભાગ–૨)વિષય અભિપ્રાયાવલીના ૧ થી ૮ વિધાનમાંથી અગ્રતાક્રમના સમાવિષ્ટ વિષયવસ્તુની તાલીમ જેમાં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી વિષયવસ્તુ તથા તે શીખવા/શીખવવાની પધ્ધતિની તાલીમ આપવામાં આવશે.
- ધો.૬ થી ૮ ના ગણિત–વિજ્ઞાના શિક્ષકો માટે(ભાગ–૨)વિષય અભિપ્રાયાવલીના ૧ થી ૧૮ વિધાનના અગ્રતાક્રમના સમાવિષ્ટ વિષયવસ્તુની તાલીમ જેમાં અંકગણિત, બીજગણિત, ભૂમિતિ વિષયવસ્તુ અને તે શીખવા/શીખવવાની પધ્ધતિની તાલીમ તથા રસાયણશાસ્ત્ર, ભૌતિક શાસ્ત્ર, જીવવિજ્ઞાનના વિષયવસ્તુની તેને શીખવા અને શીખવવાની પધ્ધતિની તાલીમ આપવામાં આવશે.

- ધો.૬ થી ૮ ના સામાજીક વિજ્ઞાનના શિક્ષકો માટે(ભાગ–૨)તાલીમ અભિપ્રાયાવલીના ૧ થી ૪ વિધાનના વિધાનોમાંથી અગ્રતાક્રમના સમાવિષ્ટ વિષયવસ્તુની તાલીમ જેમાં, ઈતિહાસ, રાજયશાસ્ત્ર, ભૂગોળ, અર્થશાસ્ત્ર, વિષયવસ્તુ અને શીખવા/શીખવવાની પધ્ધતિની તાલીમ આપવામાં આવશે.
- ધો.૧ થી ૫ ના પ્રજ્ઞા શિક્ષકોને પ્રજ્ઞા આધારિત તાલીમ આપવામાં આવશે.
- પ્રજ્ઞા શિક્ષકો માટેનું વિષયવસ્તુ પ્રજ્ઞા અભિગમ અંતર્ગત નિયત કરી, તદ્દઅનુસારનું મોડયુલ રાજયકક્ષાએથી મોકલવામાં આવશે.

(ડ) <u>તાલીમ દરમ્યાન ખર્ચ અંગે :</u>

- વર્ષ : ૨૦૧૪–૧૫ ના ૭ દિવનસ બ્લોક કક્ષાની અને ૩ દિવસની કલસ્ટર કક્ષાની નિયત બિનનિવાસી તાલીમ માટે પ્રતિ શિક્ષક પ્રતિ દિવસ રૂા.૧૦૦/–પ્રમાણે જોગવાઈ કરવામાં આવેલ છે.
- બજેટ મંજુરી માટેની PAB મીટીંગમાં થયેલ પ્રાથમિક ચર્ચા અન્વયે જાણવા મુજબ ૭ દિવસની બ્લોક કક્ષાની અને ૩ દિવસની કલસ્ટર કક્ષાની બિનનિવાસી તાલીમ માટે પ્રતિ શિક્ષક પ્રતિ દિવસ રૂા.૧૦૦/–પ્રમાણે ગ્રાન્ટ મંજુર થનાર છે. જેથી રૂા.૧૦૦/–ની મહત્તમ બજેટ મર્યાદાના તાલીમ ખર્ચ થઈ શકે તે હેતુસર વર્ષ : ૨૦૧૪–૧૫ ની બ્લોક કક્ષાની તાલીમ ૨–૪ કલસ્ટર શિક્ષકો (ભૌગોલિક નજીક નજીક હોય)ના જુથ ને ભેગા કરીને આપવાનું નકકી કરેલ છે.
- વર્તમાન તબકકે મુસાફરી ભથ્થામાં વધારો  થયેલ હોઈ તેમજ રાજયના શિક્ષકોને છઠા પગારપંચનો લાભ મળેલ હોઈ  તદ્દ અનુસાર ડીએ પણ રૂા.૧૮૦/– થવા પામેલ છે. તેમજ તાલીમમાં ઉપસ્થિત શિક્ષકોને તાલીમને બદલે રીફ્રેશમેન્ટ (ભોજન)આપવાનું ગત વર્ષથી નકકી કરેલ હોઈ, રૂા.૧૦૦/–ની મર્યાદા કરતાં વધુ થવાની શકયતા ઉભી થયેલ છે. જેના વહીવટી ઉકેલ સારૂ <u>અત્રેની કચેરીની ૪૭મી  EC મીટીંગમાં ચર્ચા વિચારણા કરીને પુખ્ત વિચારણાને અંતે તાલીમ મેળવતા શિક્ષકની નોકરીનો એક ભાગ હોઈ, તેને ધ્યાનમાં લઈને વર્ષ : ૨૦૧૪–૧૫ ની એસએસએ અંતર્ગત યોજાનાર તમામ(કલસ્ટર/બ્લોક)બિન નિવાસી તાલીમોમાં ઉપસ્થિત રહેનાર તાલીમાર્થીને ડીએ ન ચુકવવા અંગેનો નિર્ણય કરવામાં આવેલ છે. તે નજરે,</u> બ્લોક કક્ષાની બિન નિવાસી તાલીમ માટે પ્રતિ શિક્ષક પ્રતિ દિવસ રૂા.૧૦૦/–ના બજેટમાંથી તાલીમ દરમ્યાનના ખર્ચ અંગેનું બ્રેકઅપ નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે.
- તાલીમના મોડયુલ રાજયકક્ષાએથી પ્રિન્ટીંગ કરીને તાલીમ સ્થળે પહોંચાડવામાં આવનાર હોઈ, બ્લોક કક્ષાની બિન પ્રજ્ઞા શિક્ષક તાલીમમાં રૂા.૧૦/– X ૪ દિવસ પ્રમાણે તથા પ્રજ્ઞા શિક્ષક તાલીમમાં રૂા.૧૦/– X ૫ દિવસ પ્રમાણે તાલીમ સાહિત્ય/મોડયુલના સંભવિત ખર્ચ માટે જમા રાખીને બ્લોક કક્ષાની તાલીમમાં પ્રતિ શિક્ષક પ્રતિ દિવસ રૂા.૯૦/–પ્રમાણેની ગ્રાન્ટ જિલ્લા કક્ષાએથી સંબંધિતોના ખાતામાં તાલીમ પૂર્વે ઈ–ટ્રાન્સફર કરવાના રહેશે. તાલીમ માટે રૂા.૯૦/–પ્રમાણેની ફાળવેલ ગ્રાન્ટમાંથી, નીચે મુજબ ખર્ચ કરવાનો રહેશે.

<u>(૧) વાહનભથ્થું :</u>

નોકરીના સ્થળેથી તાલીમના સ્થળે આવવા–જવાનું રોજેરોજનું મહત્તમ ભાડુ(મહત્તમ રૂા.૪૦/–) નોન ગ્રાન્ટેડ સિવાયના તમામ શિક્ષકોને આપવું. જયાં બસ સુવિધા અપ્રાપ્ય હોય તેવા વિસ્તારમાં તેમજ કોર્પોરેશન અને નગરપાલિકા વિસ્તારમાં તાલીમના સ્થળે આવવા–જવા માટેનું વાજબી વાહન ખર્ચ આપવું. વાહન ભથ્થુ જે તે હાજર તાલીમાર્થીના સેલરી એકાઉન્ટમાં ઈ–ટ્રાન્સફર કરવાના રહેશે તથા ડી.એ. ચુકવવાનું થતું નથી તે મુજબની જાણ આપની કક્ષાએથી સંબંધિતોને કરવાની રહેશે.

<u>(૨) ભોજન ખર્ચ :</u>

બ્લોક કક્ષાની તાલીમમાં પ્રતિ શિક્ષક રૂા.૪૫/–ની મહત્તમ મર્યાદામાં ભોજન આપવાનું નકકી કરેલ છે.

તાલીમમાં ઉપસ્થિત રહેલ તાલીમાર્થી શિક્ષકોને શુધ્ધ, સાત્વિક અને સાદુ ભોજન મળી રહે તે હેતુસર અગાઉના વર્ષમાં અલ્પાહાર માટે અત્રેની કચેરીના પત્રક્રમાંકઃ એસએસએ/તાલીમ(મકમ)/ ૦૬/૩૧૮૯૮–૯૨૯ તા.૭.૯.૦૬ તેમજ તા.૭.૯.૦૬ ના પત્રમાં દર્શાવેલ સુધારા મુજબની નિયત સમિતિનું જે તે તાલીમ સેન્ટર ખાતે નિર્માણ કરીને, તેમના ધ્વારા તાલીમમાં હાજર તમામ શિક્ષકોને ભોજન આપવા અંગે યોગ્ય વ્યવસ્થા કરવા અને તે અંગનો મહત્તમ ખર્ચ રૂા.૪૫/–ની મર્યાદામાં પ્રતિ શિક્ષક પ્રમાણે કરવાનો રહેશે.

**(ડી) <u>તાલીમ દરમ્યાન સ્ટેશનરી, કન્ટીજન્સી અને અન્ય આવશ્યક/જરૂરિયાત મુજબના ખર્ચ અંગે.</u>**

બ્લોકકક્ષાની તાલીમમાં તાલીમ દરમ્યાન જરૂરી સ્ટેશનરી, કન્ટીજન્સી અને અન્ય આવશ્યક/જરૂરીયાત મુજબના આનુસાંગિક ખર્ચ માટે પ્રતિ શિક્ષક પ્રતિ દિવસ મહત્તમ રૂા. ૫/–નો ખર્ચ ઉપર દર્શાવેલ અલ્પાહાર માટેની નિયત સમિતિના પરામર્શનમાં રહીને કરવાનો રહેશે.

**(ઈ) <u>રીસોર્સ પર્સનને પુરસ્કૃત કરવા અંગે :</u>**

સીઆરસી તરીકે કામ કરનાર શિક્ષકોને ઉત્સાહ ટકી રહે અને તેઓના કામની હકારાત્મક નોંધ લેવાય અને શિક્ષક તાલીમમાં તજજ્ઞ તરીકે ઉત્સાહી, વિષયવસ્તુ પર પ્રભુત્વ ધરાવતા શિક્ષકો સ્વેચ્છાએ જોડાવા આગળ આવે તે આશયને લઈને વર્ષ : ૨૦૧૪–૧૫ની તાલીમમાં પણ બ્લોક/કલસ્ટર કક્ષાની તાલીમના સીઆરસી તરીકે કામગીરી કરતા શિક્ષકોને પુરસ્કુત કરવા પ્રતિ દિવસના ઉચ્ચક રૂા.૫૦/– લેખે વિશેષ પુરસ્કાર આપવાનો રહેશે. આ તાલીમનો ખર્ચ શિક્ષક તાલીમના હેડે ઉધારવાનો રહેશે.

**(એફ) <u>તાલીમના સમયગાળા અંગે :</u>**

ગત વર્ષ : ૨૦૧૩–૧૪ની શિક્ષક તાલીમ દરમ્યાન મોનીટરીગ ટીમના સભ્યોને મળેલ સુચનો/ મંતવ્યો અને તે અન્વયે તાલીમના આયોજન અંગેની એસએસએ અને જીસીઈઆરટીની સંયુકત પરામર્શન બેઠકમાં ઉપસ્થિત અધિકારી/કર્મચારી સભ્ય ધ્વારા થયેલ સુચન મુજબ બ્લોક કક્ષાની તાલીમનો સમય સવારનો રાખવાને કારણે દુર/અંતરિયાળ વિસ્તારના શિક્ષકો તથા સ્ત્રી શિક્ષકોને તાલીમના નિયત સમયે પહોંચવામાં અગવડ પડે છે તથા સ્ત્રી શિક્ષિકાઓને બપોરે રસોઈ કરવાની હોઈ, કુદરતી ન્યાયના સિધ્ધાંતને ધ્યાનમાં લઈને, મળેલ સુચનોને આધિન પુખ્ત ચર્ચા વિચારણાને અંતે જુન–૧૪માં યોજાનાર શિક્ષક તાલીમનો સમય બપોરે ૧૧.૦૦ કલાકથી ૫.૦૦ કલાક(૩૦ મિનીટ રીશેષ સહિત)રાખવાનું નકકી કરવામાં આવેલ છે જેની જાણ તમામને કરવાની રહેશે તથા તેને આધિન તાલીમ સમયપત્રક ડાયટના પરામંશનમાં બનાવવાનું રહેશે.

**(જી) <u>વળતર(પ્રાપ્ત રજા)રજા અંગે :</u>**

ઉકત ૪/૫(પ્રજ્ઞા તાલીમ)દિવસની બ્લોક કક્ષાની તાલીમ ઉનાળુ વેકેશન દરમ્યાન આયોજીત કરેલ હોઈ,આ સમયગાળા દરમ્યાન તાલીમમાં ઉપસ્થિત રહેનાર શિક્ષક/તાલીમાર્થીને નિયમાનુસાર મળવાપાત્ર પ્રાપ્ત રજા આપવા અંગેની કાર્યવાહી ગત વર્ષના પરિપત્ર ક્રમાંક : એસએસએ/ટીટી/(હકક રજા)/૧૩/૧૯૪૨૫–૫૨૭ તા.૨.૫.૧૩ની જોગવાઈ મુજબ કરવાની રહેશે.

**(એચ) <u>હેન્ડહોલ્ડીગ (તાલીમ મોનીટરીગ)</u>**

તાલીમનું સઘન મોનીટરીગ થાય તે બાબતે એસએસએ અને જીસીઈઆરટીની સંયુકત પરામર્શન બેઠકમાં થયેલ આ માટે નીચે પ્રમાણે મોનીટરીગ માટેની કાર્યપધ્ધતિ નકકી કરવામાં આવેલ છે.

**(૧) <u>રાજયકક્ષાની મોનીટરીંગ ટીમ</u> :** રાજયકક્ષાના પ્રતિનિધિઓને અગાઉની તાલીમની જેમ જ જિલ્લાઓની ફાળવણી કરીને રાજયકક્ષાએથી મોકલવામાં આવશે. તેમના વાહનની વ્યવસ્થાનો ખર્ચ જે તે જિલ્લાના તાલીમ હેડમાં પાડવાનો રહેશે તેમજ આ ટીમનું ડીએ જે તે જિલ્લા ધ્વારા તાલીમ પૂર્ણ થતાં બેંક મારફત ચુકવવાનું રહેશે.જે માટે [illegible]

(૨) <u>જિલ્લા કક્ષાની હેન્ડહોલ્ડીંગ મોનીટરીંગ ટીમ</u> :

જિલ્લા કક્ષાએ જેટલા તાલીમ સ્થળો નિયત થયેલ છે તે તમામ તાલીમ સ્થળ ઉપર જિલ્લા કક્ષાએથી ૧(એક)સભ્યની પૂર્ણ સમય માટે હેન્ડહોલ્ડીંગ મોનીટરીંગ સભ્યની નિમણુંક કરવાની રહેશે.

આ હેન્ડહોલ્ડીંગ મોનીટરીંગ સભ્ય જિલ્લામાંથી નિયત થયેલ મોનીટરીંગ માટેના સુચનો પ્રમાણે મોનીટરીંગ કરશે અને સુચવ્યા પ્રમાણે તાલીમ સ્થળે ઉપસ્થિત રહેશે. આ હેન્ડહોલ્ડીંગ મોનીટરીંગના સભ્યો પાસેથી અપેક્ષા એ છે કે તેઓ તાલીમના સ્થળે એક કલાક અગાઉ પહોંચશે અને તાલીમ અંગેની પૂર્વ આયોજનની ચકાસણી કરશે. તેમજ આ હેન્ડહોલ્ડીંગ મોનીટરીંગ સભ્ય તે પોતે તજજ્ઞ હશે, તેમજ તાલીમમાં શિક્ષકો સાથે તાલીમ લેશે અને સમુહ ચર્ચામાં તજજ્ઞશ્રીને મદદરૂપ બનશે.

આ હેન્ડહોલ્ડીંગ મોનીટરીંગ સભ્યની તાલીમ સ્થળે નિમણુંક જિલ્લા કક્ષાએથી આપવાની હોઈ આ માટે જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટરે પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ તાલીમ ભવન સાથે તેમજ રાજયકક્ષાના મોનીટરીંગ ટીમના સભ્ય સાથે પરામર્શન કરી લેવું. તથા તાલીમ મોનીટરીંગ વખતે શિક્ષકોના સમુહને ભેગા કરીને વકતવ્ય/સુચનાઓ ન આપે તો તે મુજબની સુચના આપવી તથા આ અંગેનો ખર્ચ જે તે જિલ્લાના તાલીમ હેડ હેઠળ પાડવાનો રહેશે..

મોનીટરીંગ દરમ્યાન "બેસ્ટ પ્રેકટીસીસ" ની વિગતો રીસોર્સ પર્સન/મોનીટરીંગ ટીમના અધિકારી/તાલીમના હેન્ડ હોલ્ડીંગ પાસેથી તાલીમમાં સમાવિષ્ટ વિવિધ વિષયવસ્તુના મેળવવાનું રહેશે. જે જિલ્લાની કચેરીએ જમા કરાવવા તથા જિલ્લાની કચેરીએ આ બેસ્ટ પ્રેકટીસીસ યોગ્ય રીતે ડોકયુમેન્ટ કરીને રાજયકક્ષાએ જમા કરાવવાના રહેશે.

(મુકેશ કુમાર, IAS)
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન અને
કમિશ્નર ઓફ પ્રાયમરી એજયુકેશન અને
મધ્યાહન ભોજન

<u>લ સવિનય રવાના જાણ સારૂ :</u>